-: ઓનરશીપના ધોરણે ફલેટનો વેચાણ દસ્તાવેજ :-

(પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ (રેરા) ની જોગવાઈ હેઠળ સતાધિકારી પાસે રજી.નં.રજિ.નં.............................. ...., તા.................. થી નોંધણી કરાવેલ છે.)

રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં.૯૪, ૯૫, ૯૬/૧ ના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૫૫ ની જમીન ચો.વા.આ.૭૬૪-૮-૦, ચો.મી.આ. ૬૩૭-૦૦ (ટી.પી.સ્કીમ નં.૧, એફ.પી.નં.૮૩૬ ફાઈનલ થતાં કુલ જમીનમાંથી બાકી રહેતી જમીન ચો.મી.આ.૫૦૪-૦૦, બીલ્ડીંગ પ્લાન મુજબ નેટ પ્લોટ એરીયા ચો.મી.આ.૪૯૨-૬૦૫)) ઉપર આવેલ **"ત્રિનેત્ર"** બીલ્ડીંગ માંહેથી ....ફલોરમાં આવેલ ફલેટ નં..........નો ઓનરશીપના ધોરણે વેચાણ દસ્તાવેજ.

ટી.પી.સ્કીમ નં.૧(રૈયા), ઓ.પી.નં.૩૯ પૈકી, એફ.પી.નં.૮૩૬

ફલેટનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ............. (કારપેટ એરીયા ચો.મી.આ..........) (બાલ્કની એરીયા ચો.મી.આ...........) (કોમન એરીયા ચો.મી.આ...........) (પાર્કિંગ એરીયા ચો.મી.આ...........)

વેચાણ કિંમત રૂા.................. અંકે રૂપિયા..............................પુરા.

લખાવી લેનાર :-

- તે મીલ્કત ખરીદનાર -

જોગ લખી આપનારાઓ :-

પક્ષકાર નં.૧ :-

૧. **શ્રી હરેશકુમાર મગનલાલ મુલીયા,** ધર્મે હિન્દુ, ઉ.વ.૫૭, ધંધો વેપાર, (પાન કાર્ડ નં.AOEPM 1997 A)

૨. **દિશીતા હરેશ મુલીયા,** ધર્મે હિન્દુ, ઉ.વ.૩૧, ધંધો ગૃહકાર્ય, (પાન કાર્ડ નં.AUBPM 6099 G)

બંનેનું ઠે.એ/૧૦૧, મનહર કોમ્પ્લેક્ષ, ૧૭-સરદારનગર, સરદારનગર મેઈન રોડ, એસ્ટ્રોન ટોકીઝ પાછળ, રાજકોટ.

નં.૧ ના જાતે તથા નં.૨ ના કુલમુખત્યાર દરજજે,

– જમીન માલીક દરજ્જે –

પક્ષકાર નં.૨ :–

ત્રિનેત્ર બીલ્ડરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો દરજ્જે, (પાન–AAQFT 6570 J)

૧. **શ્રી હરેશકુમાર મગનલાલ મુલીયા,** ધર્મે હિન્દુ, ઉ.વ.૫૮, ધંધો વેપાર, (પાન–AOEPM 1997 A)

૨. **દિશીતા હરેશ મુલીયા,** ધર્મે હિન્દુ, ઉ.વ.૩૨, ધંધો ગૃહકાર્ય/વેપાર, (પાન–AUBPM 6099 G)

બંનેનું ઠે.એ/૧૦૧, મનહર કોમ્પ્લેક્ષ, ૧૭–સરદારનગર, સરદારનગર મેઈન રોડ, એસ્ટ્રોન ટોકીઝ પાછળ, રાજકોટ.

બંને હાલ રહે.મસ્કત.

૩. **શ્રી કમલેશભાઈ મનહરલાલ રાજા,** ધર્મે હિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો વેપાર, ઠે.બ્લોક નં.૩૦૧, અતુલ એપાર્ટમેન્ટ, સાગર એપાર્ટમેન્ટની બાજુમાં, ૧૦/અ–મનહર પ્લોટ, વિદ્યાનગર મેઈન રોડ, રાજકોટ. (પાન–ABNPR 7729 R)

નં.૩ ભાગીદારી પેઢીના મુખ્ય વહીવટકર્તા ભાગીદાર દરજ્જે,

– તે ડેવલપર્સ દરજ્જે –

– તે મીલ્કત વેચનારાઓ –

જત આથી આ વેચાણ દસ્તાવેજ તમો જોગ લખી આપી બંધાઉ છું કે,

(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં.૯૪, ૯૫, ૯૬/૧ ના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૫૫ ની જમીન ચો.વા.આ.૭૬૪–૮–૦, ચો.મી.આ.૬૩૭–૦૦ (ટી.પી.સ્કીમ નં.૧, એફ.પી.નં.૮૩૬ ફાઈનલ થતાં કુલ જમીનમાંથી બાકી રહેતી જમીન ચો.મી.આ.૫૦૪–૦૦, બીલ્ડીંગ પ્લાન મુજબ નેટ પ્લોટ એરીયા ચો.મી.આ.૪૯૨–૬૦૫) ઉપર આવેલ **"ત્રિનેત્ર"** બીલ્ડીંગ માંહેથી .... ફલોરમાં આવેલ ફલેટ નં...........જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ. .... (કારપેટ એરીયા ચો.મી.આ..........) (બાલ્કની એરીયા

ચો.મી.આ...........) (કોમન એરીયા ચો.મી.આ...........) (પાર્કિંગ એરીયા ચો.મી.આ...........) અમારી સંયુકત માલીકી અને કબજા ભોગવટાનો આવેલ છે. સદરહુ મીલ્કત તમો ખરીદનારને રૂા.................... અંકે રૂપિયા ....પુરામાં વેચાણથી આપતા તમો જોગ આ વેચાણ દસ્તાવેજ કરી આપીએ છીએ.

(૨) સદરહુ મીલ્કત/પ્લોટ નં.૫૫ ની જમીન ચો.વા.આ.૭૬૪–૮–૦, ચો.મી.આ.૬૩૭–૦૦ (ટી.પી.સ્કીમ નં.૧, એફ.પી.નં.૮૩૬ ફાઈનલ થતાં કુલ જમીનમાંથી બાકી રહેતી જમીન ચો.મી.આ.૫૦૪–૦૦, બીલ્ડીંગ પ્લાન મુજબ નેટ પ્લોટ એરીયા ચો.મી.આ.૪૯૨–૬૦૫) અમો લખી આપનાર પક્ષકાર નં.૧ ના એ રાજકોટની સબ–રજીસ્ટ્રાર કચેરીમાંથી રજી.અનુ. નં.૪૨૧૭, તા.૨૨–૭–૨૦૨૦ ના રોજના વેચાણ દસ્તાવેજથી દયાકુંવરબેન ઉર્ફે દયાબેન પરસોતમભાઈ પટેલ W/o.જયંતીલાલ કનેરીયા પાસેથી ખરીદ કરેલ છે. અને તે રીતે સદરહુ જમીનમાં હરેશકુમાર મગનલાલ મુલીયા તથા દિશીતા હરેશ મુલીયાનો ૫૦ % – ૫૦ % અનડિવાઈડેડ હિસ્સો આવેલ છે.

ત્યારબાદ દિશીતા હરેશ મુલીયાએ તેમની ૫૦ % અવિભાજય હિસ્સા અંગેની મીલ્કતનો વહીવટ, વહેવાર, વેચાણ અને વ્યવસ્થા કરવા અંગે રાજકોટની સબ–રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ રજી.અનુ.નં.૧૪૩૧, તારીખ ૧૮–૨–૨૦૨૧ ના રોજ તેમના પિતા હરેશકુમાર મગનલાલ મુલીયાને એક કુલમુખત્યારનામું આપેલ છે. જે કુલમુખત્યારનામું આજરોજ પણ અમલમાં છે અને રદ કરવામાં આવેલ નથી. તે બાબતની આથી ખાત્રી, વચન અને વિશ્વાસ આપવામાં આવે છે.

ઉપરોકત જમીન ચો.મી.આ.૬૩૭–૦૦ (ટી.પી.સ્કીમ નં.૧, એફ.પી.નં.૮૩૬ ફાઈનલ થતાં કુલ જમીનમાંથી બાકી રહેતી જમીન ચો.મી. આ.૫૦૪–૦૦, બીલ્ડીંગ પ્લાન મુજબ નેટ પ્લોટ એરીયા ચો.મી.આ. ૪૯૨–૬૦૫) ખરીદ કર્યા બાદ તેના ઉપર રહેણાંકના હેતુસરનું લો–રાઈઝ બીલ્ડીંગ બાંધવાનું નકકી કરતાં રાજકોટ મ્યુ.કોર્પો. માંથી એપ્રૂવ્ડ બીલ્ડીંગ

પ્લાન પાસ કરાવી બાંધકામ પરવાનગી નં.૧૨૦, તા.૬-૮-૨૦૨૦ થી મેળવેલ છે.

ત્યારબાદ લખી આપનાર પક્ષકાર નં.૧ જમીન માલીક તથા પક્ષકાર નં.૨ ડેવલપર્સ ત્રિનેત્ર બીલ્ડરના નામથી ચાલતી ભાગીદારી પેઢી વચ્ચે સદરહુ જમીન ઉપર મંજુર થયેલ પ્લાન અને પરવાનગી મુજબનું લો-રાઈઝ બીલ્ડીંગનું બાંધકામ કરવા અંગે રાજકોટની સબ-રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ રજી.અનુ.નં.૧૪૩૨, તા.૧૮-૨-૨૦૨૧ થી ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ નોંધાવવામાં આવેલ છે. અને તે મુજબ પ્લાન-પરમીશન અનુસારનું રહેણાંકના હેતુસરનું લો-રાઈઝ બીલ્ડીંગનું બાંધકામ શરૂ કરેલ છે. જેનું બાંધકામ પુર્ણ થતાં અમારે રાજકોટ મ્યુ.કોર્પો.માંથી કંમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવી આપવાનું રહેશે. જે બીલ્ડીંગને અમોએ **''ત્રિનેત્ર''** નામ આપેલ છે. જે **''ત્રિનેત્ર''** બીલ્ડીંગ માંહેથી .... ફલોરમાં આવેલ ફલેટ નં..........જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ............. (કારપેટ એરીયા ચો.મી.આ..........) (બાલ્કની એરીયા ચો.મી.આ...........) (કોમન એરીયા ચો.મી.આ...........) (પાર્કિંગ એરીયા ચો.મી.આ...........) વાળી મીલ્કત અમારી સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ હોય અને સદરહુ મીલ્કતનો મને મન ચાહે તે રીતે ઉપયોગ, ઉપભોગ, ભોગવટો, વ્યય, વેચાણ, વ્યવસ્થા કરવા હકક, સતા અને અધિકાર હોય સદરહુ મીલ્કત તમો ખરીદનારને વેચાણથી આપતાં તમો જોગ આ વેચાણ દસ્તાવેજ કરી આપીએ છીએ.

(૩) સદરહુ **''ત્રિનેત્ર''** બીલ્ડીંગ માંહેથી.............ફલોરમાં આવેલ ફલેટ નં...........જે તમોને વેચાણથી આપવા માટેનો કરાર અમો પ્રમોટરે રેરાની કલમ-૧૪ મુજબની જોગવાઈ હેઠળ તા....................ના રોજથી...નંબરથી રાજકોટ સબ-રજીસ્ટ્રાર કચેરી ઝોન-૪ માં નોંધણી કરાવેલ છે, જેથી આપણી બંને પક્ષકારો એ ઉપરોકત વર્ણવેલ રેરાના કાયદાની જુદી જુદી કલમોનું પાલન કરવાનું રહેશે. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે, અને તે મુજબ આ મીલ્કત

આજરોજ તમોને રૂા....................અંકે રૂપિયા................................
પુરાનો અવેજ નીચેની વિગતે સ્વીકારી તેના સુવાંગ વપરાશના હકકો સહીત વેચાણ આપેલ છે. તમોને વેચાણ આપેલ ફલેટનું વર્ણન અને સ્વતંત્ર રીતે ભોગવવાના ભાગનું તથા ચર્તુઃસીમાઓનું વર્ણન આ દસ્તાવેજના શેડયુલ ''બી'' માં આવેલ છે. (તમોને વેચાણ આપેલ ફલેટને હવે પછી આ દસ્તાવેજ માં સદરહુ ફલેટ તરીકે ઓળખવામાં આવશે.)

(૪) સદરહુ **''ત્રિનેત્ર''** ના નામે ઓળખાય છે તે બીલ્ડીંગ માંહેથી .... ફલોરમાં આવેલ ફલેટ નં........... જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ............ (કારપેટ એરીયા ચો.મી.આ..........) (બાલ્કની એરીયા ચો.મી.આ...........) (કોમન એરીયા ચો.મી.આ...........) (પાર્કિંગ એરીયા ચો.મી.આ...........) છે તે મીલ્કત અમારા તે માંહેના અમારા જેવા અને જેટલા હકકો અને અધિકારો છે તે તમામ હકકો અને અધિકારો સહીત, તમામ પ્રકારના માલીકી હકક, કબજા ભોગવટા તથા સુખાધિકારના હકક અધિકાર સહીત અમોએ તમોને તેની વેચાણ કિંમતના રૂા.................... અંકે રૂપિયા.................................... પુરામાં વેચાણ આપતાં અમોને તમારા પાસેથી નીચેની વિગતે ચુકતે અવેજની રકમ મળી જતાં તમારા જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપી સદરહુ મીલ્કત કે જેનું વર્ણન તથા ચર્તુઃદિશા આ સાથે પરિશિષ્ટ 'બી' માં આપેલ છે તેનો શાંત, નિર્મળ, નિર્ભય અને પ્રત્યક્ષ ખાલી કબજો અમોએ તમોને આજરોજ સોંપી આપેલ છે અને તમોએ ખાલી કબજો સંભાળી લીધેલ છે જે હકીકતે સદરહુ મીલ્કતના આજથી તમો માલીક તથા સંપુર્ણ કબજેદાર બન્યા છો તે તમો તથા તમારા પુત્ર, પૌત્રાદીક, લીલાવંશ પરંપરા, યાવતચંદ્ર દિવાકરો સુખેથી વંશ પરંપરા ભોગવજો, વસજો, વસાવજો અગર ચાહે તે રીતે તેનો ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરજો. તેમાં હવેથી અમારો કે અમારા વાલી, વંશ, વારસો, કબજેદાર, હીસ્સેદાર કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગભાગ, દરદાવો, પ્રથમહકક, ચાર્જહકક, અગ્રહકક વિગેરે નથી. અને સદરહુ મીલ્કતની અમોએ

બીજી કાંઈપણ વ્યવસ્થા જેવી કે વેચાણ, વેચાણનો કરાર, બક્ષીસ, ટ્રસ્ટ, કે સેટલમેન્ટ કરેલ નથી તેવું તમોને પાકું વચન તથા વિશ્વાસ તથા ખાત્રી આપીને કલીયર અને માર્કેટેબલ ટાઈટલવાળા સદરહુ મીલ્કત અમોએ તમોને વેચાણ આપેલ છે. તેમ છતાં તે અંગે કે અમારા કે અમારા પુરોગામીના માલીકી ટાઈટલ રાઈટસ ઈન્ટરેસ્ટ વેચાણ કબજા ભોગવટાના હકક કે નામ ટ્રાન્સફર કે અન્ય બાબતો અંગે કોઈપણ વાંધો તકરાર ઉપસ્થિત થાય તો તેની તમામ પ્રકારની ખર્ચ પરીણામની અને નુકશાનીની તમામ જવાબદારી અમારી તથા અમારા વંશ વારસોને શીરે છે અને આવા વાંધા તકરાર કે દરદાવાનું અમારે અમારા ખર્ચે નિવારણ કરી આપવું છે.

(૫) સદરહુ તમોને વેચાણ આપેલ મીલ્કતને લગતો વેરો, શિક્ષણ ઉપકર, ઈલે.ચાર્જીસ વિગેરે તમામ પ્રકારના વેરા–ચાર્જીસ આજ દિવસ સુધીના ભરપાઈ કરી આપેલ છે. તેમ છતાં ભવિષ્યમાં આવા કોઈ વેરા–ચાર્જીસનું આજ દિવસ અગાઉનું કાંઈ બાકી લેણું નીકળે અને તમારે તે ભરવું પડે તો તમો અમારી પાસેથી આવા વેરા–ચાર્જીસની રકમ કાયદેસર રીતે વસુલ કરવા હકકદાર છો, અને મુખત્યાર છો અને અમારે આવા વેરા–ચાર્જીસની રકમ ભરપાઈ કરી આપવી છે. સદરહુ મીલ્કત તમો તમારા નામે મ્યુનિસિપલ કોર્પોરેશન તથા પીજીવીસીએલમાં ટ્રાન્સફર કરાવી લેશો. તેમાં જયાં જયાં અમારી સહીની જરૂર પડે ત્યાં ત્યાં અમારે અમારી સહીઓ કરી આપવી છે. તેમજ જરૂર પડયે રૂબરૂ હાજર થઈ સદરહુ મીલ્કત તમારા નામે ટ્રાન્સફર કરવા અંગેની કાર્યવાહીમાં અમારે સંપુર્ણ સાથ સહકાર આપવાનો છે.

(૬) સદરહુ તમોને વેચાણ આપેલ મીલ્કત ઉપર નામદાર સરકારશ્રીનું, સરકારી, સહકારી, અર્ધ સરકારી, અર્ધ સહકારી, વ્યાપારી, બેંક, કંપની, પેઢી, સંસ્થા કે વ્યકિતનું લોનથી કે અન્ય રીતે કરજ, ગીરો કે બોજો કરેલ નથી કે કોઈનું ગીરોની રૂએનું લેણું નથી કે કોઈનો ચાર્જ નથી કે કોઈનો સદરહુ મીલ્કત ઉપર અગ્રહકક તથા ચાર્જ હકક નથી કે કોઈનું જામીનગીરીની

રૂએનું સદરહુ મીલ્કત ઉપર લેણું નથી કે સદરહુ મીલ્કત ઉપર ગીરો બોજો કરેલ નથી કે કોઈની જામીનગીરી સ્વીકારેલ નથી તેમજ સદરહુ મીલ્કતમાં અમારા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે લાગભાગ નથી, તેમજ સર્વે પ્રકારના બોજા રહીત કલીયર અને માર્કેટેબલ ટાઈટલવાળા છે એવો તમોને પાકો વિશ્વાસ, વચન અને ખાત્રી આપીને સદરહુ મીલ્કત અમોએ તમોને વેચાણ આપેલ છે.

(૭) સદરહુ તમોને વેચાણથી આપેલ મીલ્કતનાં તમામ પ્રકારના કરવેરા ઓ જેમ કે હાઉસટેકસ, શિક્ષણકર, સફાઈકર, ઈલેકટ્રીક લાઈટ ચાર્જીસ વગેરે જે કાંઈ આવતાં હોય તે તમામ અમારે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરતાં સમય સુધીના ભરપાઈ કરી આપવા છે. વેચાણ દસ્તાવેજ પછીની તેવી તમામ જવાબદારી તમો મીલ્કત ખરીદનારની રહેશે.

(૮) સદરહુ ફલેટ તમોને નીચે મુજબની સમજુતીથી વેચાણ આપેલ છે.

૧. સદરહુ ''ત્રિનેત્ર'' ના નામથી ઓળખાતા રહેણાંક હેતુ માટેનું લો–રાઈઝ બીલ્ડીંગમાં આવેલ ફલેટની માલીકી જે તે ખરીદનારની પોતાની રહેશે એટલે કે તમોએ ખરીદ કરેલ ફલેટનો માલીકી હકક તમારો રહેશે. પરંતુ સહીયારી સુવિધાઓ ભોગવવા માટે ''ત્રિનેત્ર હાઉસીંગ કો.ઓ.સોસાયટી'' ના સભ્ય તરીકે જોડાવાનું આ વેચાણ દસ્તાવેજની પૂર્વ શરત તરીકે ફરજીયાત છે તે ખરીદનારે કબુલ કર્યુ છે અને તેની રચના કરવાની, તેનું બંધારણ ઘડવાની, હોદેદારોની નિમણુંક કરવાની તથા ગુજરાત ઓનરશીપ ફલેટસ એકટ ૧૯૭૩ તથા સોસાયટીના થતાં અન્ય કાયદાઓ મુજબ જે કાંઈ વ્યવસ્થા કરવાની થાય તે તમામ સહમાલીકો/ખરીદનારાઓની અંગત રીતે અને સહીયારી જવાબદારી રહેશે અને તેવી રચના માટે જયાં જયાં સહીની જરૂર પડે ત્યાં ત્યાં ખરીદનારએ સહીઓ કરી આપવાની છે અને ખરીદનારએ ગુજરાત ઓનરશીપ ફલેટસ એકટની જોગવાઈઓ હેઠળ

ની શરતો તથા જવાબદારીઓનું પાલન કરવાનું રહેશે.

૨. ઉપરોકત ઈમારત હોલ્ડરો વચ્ચે સ્થપાયેલ સોસાયટી કે એસોસીએશન તરફથી બહુમાળી ઈમારતની દેખભાળ રાખવા માટે ચોકીદાર, વોચમેન કે અન્ય કોઈ કર્મચારીઓની નીમણુંક કરવામાં આવે તો તેનો વરાડે પડતો ખર્ચ તમારે અન્ય માલીકો સાથે ચુકવવાનો રહેશે. સદરહુ બીલ્ડીંગના એસોસીએશનના તમારે ફરજીયાત સભ્ય થવાનું રહેશે. ઉપરાંત બીલ્ડીંગ મેઈન્ટેનન્સના ખર્ચ પેટેની ડીપોઝીટની રકમ તમારે બીલ્ડર્સ/એસોસીએશનને નકકી થયા મુજબની આપવાની રહેશે.

૩. ઉપરોકત ઈમારતની સહીયારી સુવિધાઓ બીલ્ડીંગના તમામ ફલેટ હોલ્ડરોને વાપરવાનો સંપુર્ણ હકક અને અધિકાર છે અને તેમાં કોઈપણ ફલેટ હોલ્ડર્સે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર લેવાનો રહેશે નહીં અને બીલ્ડીંગમાં ખાસ કરીને આવતા લીફટ, પાણી, પાર્કીંગની સુવિધાઓ કોમન રહેશે. તેમજ સમગ્ર બીલ્ડીંગના જે કાંઈ ટેકસ, શિક્ષણ ચાર્જ, સફાઈ ચાર્જ, કોઈપણ ઓથોરીટી તરફથી નકકી કરવામાં આવે તેમજ તે વિસ્તારના વિદ્યુત કનેકશન સંબંધે ઈલે.બોર્ડનું જે કાંઈ બીલ આવે તેમાં સધળા હોલ્ડરો વચ્ચેનો નકકી થયેલ ખર્ચ વરાડે કાયમ માટે તમારે ચુકવવાનો રહેશે.

૪. ઉપરોકત ઈમારતનો સહીયારો ભાગ કાયમ માટે અવિભાજય રાખવાનો રહેશે અને આ ભાગની જાળવણી માટે રીપેરીંગ કે વ્હાઈટવોશ માટે જે કાંઈ ખર્ચ કરવું પડે તો તેમાં તમારો વરાડે પડતો ભાગ આપવાનો રહેશે તેમજ સહીયારી સુવિધાઓ (કોમન એરીયાઝ એન્ડ કોમન એમીનીટીઝ) નો સંયુકત રીતે આ બીલ્ડીંગના અન્ય કબજેદારો સાથે ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરી શકશો પરંતુ કોઈપણ સંજોગોમાં આવી સંયુકત સુવિધાઓનો કયારેય ભાગ પાડી

શકશો નહીં.

૫. તમો ખરીદનારે તમારી માલીકીના ઉપરોકત ફલેટની અંદર વ્હાઈટવોશીંગ, રીપેરીંગ વિગેરે તમારા ખર્ચે કરાવવાનું રહેશે, તેમજ તમારી સ્વતંત્ર માલીકી તથા કબજાવાળી જગ્યામાં તમો સમગ્ર મીલ્કતને આજુબાજુના હોલ્ડરોને નુકશાન, ન્યુસન્સ કે એનોયન્સ થાય તેવું બાંધકામ, વર્તન કે કામગીરી કરી શકશો નહીં.

૬. તમોને વેચાણથી આપેલ ફલેટ જે ફલોર ઉપર આવેલ છે તે ફલોર ઉપર આવેલ ફલેટના તમો માલીક બનો છો. જે જગ્યા ઉપર કાયમ માટે તમારો હકક રહેશે અને કોઈપણ દેવયોગે કે આકસ્મીક સંજોગોમાં મીલ્કતને નુકશાન થાય તો આ જ ફલોર ઉપર તમો ફલેટનો રાઈટ કલેઈમ્સ કરી શકશો અને તમારા ખર્ચે તમોને વેચાણથી આપેલ ફલેટના ક્ષેત્રફળમાં તે જગ્યાએ ફરી ફલેટનું બાંધકામ કરી શકશો.

૭. સદરહુ તમોને આજરોજ વેચાણથી આપેલ ફલેટ સંબંધે કોઈપણ પ્રકારનું સરકારી, અર્ધસરકારી, ટેકસ ભરવાનો થાય તેમજ ઈલે. કનેકશનનો જે કાંઈ ચાર્જ આજ તારીખ સુધીના થાય તે અમારે ભરપાઈ કરી આપવાનો છે. જે તમામ ચાર્જ ભવિષ્યમાં થાય તે હવે પછી તમારે ભરપાઈ કરવાનો છે.

૮. સદરહુ તમોને વેચાણ આપેલ ફલેટના માપસાઈઝ, લંબાઈ, ઉંચાઈ, પહોળાઈ, સીચ્યુએશન, બીલ્ડીંગમાં વપરાયેલ માલ મટીરીયલ્સ તમોએ જોઈ તપાસી સંપુર્ણ સંતોષ વ્યકત કરેલ છે.

૯. આ દસ્તાવેજના પેરેગ્રાફમાં સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ કર્યા ન હોય તેવા કોઈપણ અધિકારો એ ફરજ રાઈટસ એન્ડ ઓબ્લીગેશનની

બાબતમાં ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ–૧૯૭૩ ની જોગવાઈઓ લાગે પડશે અને તે વખતે જે કાંઈ બાબતો કે પ્રશ્નો ઉભા થાય તો તેનું તે મુજબ નિરાકરણ અને અમલ કરવાનો રહેશે.

૧૦. સદરહુ બીલ્ડીંગની અગાસી તમો ફલેટ ધારકની સહીયારી સુવિધા ગણવાની છે. તે તમારો વ્યકિતગત હકક, હિત, હિસ્સો કે લાગભાગ નથી. પરંતુ અન્ય ફલેટ ધારક સાથે સહીયારી રીતે અગાસીનો ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરવાની પરવાનગી તમોને આપેલ છે. અને આ અગાસી તમે ફલેટ ધારક સાથે વપરાશ કરી શકશો. ''ત્રિનેત્ર'' ના નામથી ઓળખાતા રહેણાંક યુનિટ ધારકોની સહીયારી સુવિધાની એટલે કે હાઉસીંગ સર્વિસ કો.ઓ. સોસાયટીની રહેશે. ભવિષ્યમાં બીલ્ડીંગ યુઝ પરમીશન સર્ટીફીકેટ મળ્યા પછી જો એફ.એસ.આઈ. ના નિયમોનાં ફેરફાર થાય તો તેવી મળવાપાત્ર થતી એફ.એસ.આઈ. નો સંપુર્ણ હકક/ઉપયોગ હાઉસીંગ સર્વિસ સોસાયટીનો રહેશે. તેમજ બીલ્ડીંગનું વપરાશ પરવાનગી મલ્યા પછી પ્રમોટરનો ભવિષ્યમાં એફ.એસ.આઈ., અગાસી અને કોમન સુવિધા પર હકક નહિં રહે. આ હકક હાઉસીંગ સર્વિસ સોસાયટીનો રહેશે.

૧૧. સદરહુ બીલ્ડીંગનું બાંધકામ પુર્ણ થયા બાદ સક્ષમ સત્તાધિકારી પાસેથી ઓકયુપન્સી પ્રમાણપત્ર (મકાન વપરાશનો દાખલો) પ્રમોટર મેળવે ત્યારબાદ પ્રમોટર ૩ મહીનાની અંદર ફલેટનો કબજો લેવા લેખીત સૂચના (Notice) આપશે અને ૧૫ (પંદર) દિવસમા કબજો સંભાળી લેવાની લેખીત જાણ કરશે અને પ્રમોટર એલોટીને ફલેટનો કબજો સોંપી આપશે. પરંતુ ફલેટનું સંપૂર્ણ બાંધકામ થઈ ગયેલ હોય તથા માત્ર કમ્પ્લીશન / મકાન વપરાશ દાખલો બાકી હોય ત્યારે જો એલોટી દાખલો (પ્રમાણપત્ર) આવે તે પહેલા કબજો સંભાળી લેવા ઈચ્છા ધરાવે તથા તે મુજબ પ્રમોટરને લેખીત જાણ કરે ત્યારે એલોટીએ

મેઈનટેનન્સની તમામ અનામતની તેમજ ચાલુ મેઈનટેનન્સ ચાર્જની રકમ જેવી કે જમીન ખર્ચ, જમીન ભાડું, મ્યુનિસિપલ અથવા અન્ય સ્થાનિક કરવેરા, વોટર તથા વિજળીના ચાર્જ તથા નોંધણી માટે જરૂરી સ્ટેમ્પ ડયુટી તથા નોંધણી ફી, વકીલાત ફી તથા અન્ય ખર્ચ પ્રમોટરને ચુકવી ત્યારબાદ દસ્તાવેજની નોંધણી કરાવીને અને ફલેટનો કબજો સંભાળી શકશે.

૧૨. પ્રમોટરની કામગીરી, ગુણવત્તા કે અન્ય જવાબદારી કે સેવા બાબતની જોગવાઈમાં કોઈ બાંધકામની ક્ષતિ અથવા અન્ય ક્ષતિના કિસ્સામાં, તે બાબત એલોટીને કબજો સોંપી આપ્યાથી પાંચ વર્ષની અંદર પ્રમોટરના ધ્યાનમાં લાવવામાં આવશે ત્યારે પ્રમોટરની તે ક્ષતિ કોઈપણ વધારાના ખર્ચ વસુલ કર્યા સિવાય તેણે ત્રીસ દિવસમાં ક્ષતિ સુધારી આપવી. જો પ્રમોટર તે ક્ષતિ તે સમયમાં સુધારવામાં નિષ્ફળ નિવડે તો પીડિત (Aggrieved) એલોટી રેરાના કાયદામાં ઠરાવેલ રીતે વળતર મેળવવા માટે હકકદાર રહેશે.

૧૩. SEVERABILITY :-

અલગતા બાબત :–

આ દસ્તાવેજ હેઠળની કોઈ જોગવાઈ રેરાના કાયદાની જોગવાઈઓ અથવા તે હેઠળ નિયમો અથવા નિયમોનો અથવા કોઈપણ લાગુ પડતા કાયદા હેઠળ રદપાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય, માટે વ્યાજબી રીતે અસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા નિયમનને સુસંગત હોય તેટલે સુધી આ કરારની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને દસ્તાવેજ સહી કરતી વખતે જે રીતે લાગે પડવાપાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.

૧૪. રાજકોટ મહાનગરપાલિકા પાસેથી ધારાસર મેળવાયેલ બાંધકામ પરવાનગી તથા પ્લાન મુજબ બાંધકામ કરેલ છે પરંતુ સદરહુ બાંધકામમાં ફેરફાર કરવામાં કે રિવાઈઝ પ્લાન મુકવાનો કે અહિ તમોને વેચાણ આપેલ ફલેટના માપસાઈઝમાં ફેરફાર કર્યા વગર મંજુર કરવાનો અબાધિત હકક અમો બીલ્ડરનો રહેશે અને આ અંગે તમો ખરીદનારની સ્પષ્ટ સંમતી છે જે બદલ તમો ખરીદનારે પણ આ દસ્તાવેજમાં સહી કરેલ છે. એટલે કે ભવિષ્યમાં રીવાઈઝડ પ્લાન મુજબના બાંધકામ અંગે તમો ખરીદનારાએ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર ઉઠાવવાની નથી. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

સદરહુ બીલ્ડીંગની અગાસી તમો ફલેટ ધારકની સહીયારી સુવિધા ગણવાની છે. તેમાં તમારો વ્યકિતગત હકક, હીત, હિસ્સો કે લાગભાગ નથી. પરંતુ અન્ય ફલેટ ધારક સાથે સહીયારી રીતે અગાસીનો ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરવાની પરવાનગી તમોને આપેલ છે. અને આ અગાસી તમો ફલેટ ધારક સાથે વપરાશ કરી શકશો તેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે તમારે અગાસીમાં કોઈપણ પ્રકારના બાંધકામ કરવાના નથી કે અન્ય ફલેટ ઓનર્સ કબજેદારના સહીયારા ઉપયોગમાં અંતરાય કે અવરોધ કરવાના નથી. તેમજ બીલ્ડીંગની વપરાશ પરવાનગી મલ્યા પછી પ્રમોટર ભવિષ્યમાં એફ.એસ.આઈ. અગાસી અને કોલમ સુવિધા પર હકક નહિં રહે. આ હકક સોસાયટીનો રહેશે.

૧૫. સદરહુ અમોએ કરેલ રજીસ્ટર્ડ એ.ઓ.પી. (ડીડ ઓફ ડેકલેરેશન) અનુ.નં..................તા...................મુજબની શરતો તથા જવાબદારીઓનું અમો ફલેટ ખરીદનારએ ફરજીયાત પાલન કરીશું તેવું આથી અમો ફલેટ ખરીદનાર વચન, વિશ્વાસ અને ખાત્રી આપીએ છીએ.

૧૬. સદરહુ ઈમારતનું નામ **''ત્રિનેત્ર''** નામ રાખવામાં આવેલ છે અને તેમાં તમારે કોઈએ કયારેય પણ નામમાં ફેરફાર કરવાનો નથી.

(૯) સદરહુ તમોને વેચાણથી આપેલ મીલ્કતના ઉતરોતર ટાઈટલ ડીડઝ નીચે મુજબ છે.

૧. અમો વેચનાર શ્રી હરેશકુમાર મગનલાલ મુલીયા વિગેરે જોગ દયાકુંવરબેન ઉર્ફે દયાબેન પરસોતમભાઈ પટેલ W/o.જયંતીલાલ કનેરીયાએ રજી.અનુ.નં.૪૨૧૭, તા.૨૨-૭-૨૦૨૦ ના રોજ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૨. રાજકોટ મ્યુ.કોર્પો.માંથી મંજુર થયેલ એપ્રૂવ્ડ બીલ્ડીંગ પ્લાન, આરંભ પ્રમાણપત્ર તથા બાંધકામ પરવાનગીની નકલ.

૩. દિશીતા હરેશ મુલીયાએ રજી.અનુ.નં.૧૪૩૧, તા.૧૮-૨-૨૦૨૧ ના રોજ હરેશકુમાર મગનલાલ મુલીયાને આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૪. હરેશકુમાર મગનલાલ મુલીયા, દિશીતા હરેશ મુલીયા (જમીન માલીકો) તથા ત્રિનેત્ર બીલ્ડરના નામથી ચાલતી ભાગીદારી પેઢી (ડેવલપર્સ) વચ્ચે રજી.અનુ.નં.૧૪૩૨, તા.૧૮-૨-૨૦૨૧ ના રોજ થયેલ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટની નકલ.

૫. દયાકુંવરબેન ઉર્ફે દયાબેન પરસોતમભાઈ પટેલ W/o. જયંતિલાલ કનેરીયા જોગ પરસોતમભાઈ ઉકાભાઈ પટેલએ રજી.અનુ.નં.૨૭૪૩, તા.૨૭-૮-૧૯૭૫ (નવો નં.૬૯૨, તારીખ ૩૧-૧-૧૯૭૬) ના રોજ કરી આપેલ બક્ષીસ દસ્તાવેજની નકલ.

૬. જશવંતીબેન જયંતીલાલ કુંડલીયા, પટેલ દામજી ઉકાભાઈ તથા પરસોતમભાઈ ઉકાભાઈ પટેલ વચ્ચે રજી.અનુ.નં.૪૧૪૮, તારીખ ૧૮-૧૦-૧૯૬૮ (૧ નંબરની બુકના નં.૧૩૧, વો.૧૦૭૮, તારીખ ૨૫-૧-૧૯૭૩) ના રોજ થયેલ વહેંચણી દસ્તાવેજની નકલ તથા સર્ટીફાઈડ મળી શકે તેમ નથી તેવો તા.૧૨-૭-૨૦૧૮ ના દાખલાની

નકલ.

૭. રાજકોટ જીલ્લા પંચાયત કચેરી દ્વારા આપવામાં આવેલ બીનખેતી હુકમ નં.રેવન્યુ-બીનખેતી-વશી-૧૧૯૫, તારીખ ૨૩-૯-૨૦૧૪ ના રોજના બીનખેતી હુકમની નકલ તથા સનંદની નકલ તથા એપ્રૂવ્ડ લે-આઉટ પ્લાનની નકલ.

૮. જશવંતીબેન જયંતીલાલ કુંડલીયા તથા પટેલ દામજી ઉકાભાઈ જોગ પટેલ પોલા અજા વિગેરેએ રજી.અનુ.નં.૨૧૮૬, તા.૨-૮-૧૯૬૨ (૧ નંબરની બુકના નં.૭૪, વો.૨૯૧, તા.૫-૧-૧૯૬૩) ના રોજ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ.

૯. ઉતરોતર રેવન્યુ રેકર્ડની પ્રમોલગેશનથી થયેલ નોંધની નકલ.

૧૦. સીટી સર્વે કચેરી તરફથી તા.૨૧-૭-૨૦૧૮ ના રોજ હકક ચોકસી ન થયેલ હોવા અંગેનો દાખલાની નકલ.

૧૧. એડીશનલ કલેકટર, યુએલસી રાજકોટના કેસ નં.યુએલસી-૬ (૧)૧૮૬૪/૭૬, તા.૨૮-૮-૧૯૯૧ નો કલમ-૮(૪) ના હુકમની નકલ.

ઉપરોકત ટાઈટલ ડીડઝ અમે તમોને સોંપી આપેલ છે.

(૧૦) સદરહુ તમોને વેચાણ આપેલ મીલ્કતની અવેજની રકમ રૂપિયા .... અંકે રૂપિયા....................................પુરા નીચે મુજબની વિગતે મને તમારા તરફથી મળેલ છે.

રૂા.

ઉપરોકત વિગતે અવેજની પુરેપુરી રકમ અમોને તમારા તરફથી મળેલ છે. જે મળ્યાની આથી અમો પાકી પહોંચ લખી આપીએ છીએ. અવેજ સંબંધે હવે અમારે કોઈ વાંધો તકરાર રહેતો નથી.

(૧૧) આ તમોને વેચાણ આપેલ ફલેટ ઓનરશીપ ફલેટ એકટ હેઠળ વેચાણ

આપેલ છે. જેથી તેના તમામ સામાન્ય નિયમો અન્વયે તમોને આ ફલેટ વેચાણથી આપેલ હોય તે નોંધણી કચેરીમાં તમારા સાથે આવી આ વેચાણ દસ્તાવેજ તમારા ખર્ચે ધારાસર રજી.કરાવી આપવો છે.

(૧૨) સદરહુ દસ્તાવેજમાં જો શરતચુકથી કોઈપણ પ્રકારની ટાઈપીંગ ભુલ કે ક્ષતિ રહી જવા પામેલ હોય તો તે અંગેના જરૂરી કબુલાતનામા, સંમતીપત્ર, સોગંદનામા કે ચુક સુધારા દસ્તાવેજ વિગેરે જે કાંઈપણ કરવાના થાય તે બીનઅવેજી કરી આપવા અમો લખી આપનાર તથા અમારા વંશ, વાલી, વારસો આ વેચાણ દસ્તાવેજ દ્વારા કબુલ થાય છીએ.

(૧૩) સદરહુ તમોને વેચાણ આપેલ મીલ્કતના વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ તમામ વિગતો વેચનાર તથા ખરીદનારએ આપેલ માહીતી, પેપર્સ અને સુચના અનુસાર તૈયાર કરવામાં આવેલ છે.

(૧૪) અમો વેચનાર પ્રમોટર તથા તમો ખરીદનાર વચ્ચેની કોઈપણ ઉપસ્થિત થતી તકરારનો સમાધાનથી નિકાલ કરવામાં આવશે. પરંતુ જો તકરારનો પ્રકાર ગંભીર હોઈ અને કોઈ રીતે નિકાલ ન થતો હોય તો રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ એકટ–૨૦૧૬) તથા અન્ય સંબંધીત અધિનિયમો તેમજ તેના વખતો વખતના સુધારા નિયમો હેળ સંબંધીત સતાધિકારીને સંબોધવામાં આવશે.

(૧૫) આ દસ્તાવેજમાં ઉલ્લેખ કરેલ પરિશિષ્ટ 'એ' 'બી' તથા 'સી' નીચે મુજબ છે.

–: પરિશિષ્ટ 'એ' :–

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં.૯૪, ૯૫, ૯૬/૧ ના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૫૫ ની

જમીન ચો.વા.આ.૭૬૪-૮-૦, ચો.મી.આ. ૬૩૭-૦૦ (ટી.પી.સ્કીમ નં.૧, એફ.પી.નં.૮૩૬ ફાઈનલ થતાં કુલ જમીનમાંથી બાકી રહેતી જમીન ચો.મી.આ.૫૦૪-૦૦, બીલ્ડીંગ પ્લાન મુજબ નેટ પ્લોટ એરીયા ચો.મી.આ.૪૯૨-૬૦૫) ઉપર આવેલ **''ત્રિનેત્ર''** ના નામથી ઓળખાતા બીલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોરમાં પાર્કીંગ, સીડી, લીફટ તેમજ ફર્સ્ટ ફલોરથી ફીફથ ફલોર સુધી દરેક માળે-૪(ચાર) ફલેટ મળી કુલ-૨૦ (વીસ) ફલેટસ આવેલ છે. તે સમગ્ર બીલ્ડીંગની ચર્તુઃદિશા નીચે મુજબ છે.

ઉત્તરે :- સર્વે નં.૧૩૦ ની મીલ્કત આવેલ છે.

દક્ષીણે :- ૩૦-૦૦ ફુટનો રસ્તો આવેલ છે.

પૂર્વે :- પ્લોટ નં.૫૬ આવેલ છે.

પશ્ચિમે :- ૩૦-૦૦ ફુટનો રસ્તો આવેલ છે.

-: પરિશિષ્ટ 'બી' :-

સદરહુ **''ત્રિનેત્ર''** ના નામે ઓળખાય છે તે બીલ્ડીંગ માંહેથી .... ફલોરમાં ફલેટ નં..............આવેલ છે. જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ............. (કારપેટ એરીયા ચો.મી.આ..........) (બાલ્કની એરીયા ચો.મી.આ...........) (કોમન એરીયા ચો.મી.આ...........) (પાર્કિંગ એરીયા ચો.મી.આ...........) છે. જેની ચર્તુઃદિશા નીચે મુજબ છે.

ઉત્તરે :-

દક્ષીણે :-

પૂર્વે :-

પશ્ચિમે :-

-: પરિશિષ્ટ 'સી' (સહીયારી સુવિધાઓ) :-

ઉપરોકત પરિશિષ્ટ 'એ' માં દર્શાવેલ ઈમારત હેઠળની સઘળી જમીન, ગ્રાઉન્ડ ફલોરનો તમામ વિસ્તાર, પાર્કીંગ પ્લેસ, કમ્પાઉન્ડ વોલ, લીફટ, લીફટ રૂમ, લીફટ વેલ, પેસેજીસ, અંડરગ્રાઉન્ડ ટેન્ક, ડીપવેલ પંપ ઈલેકટ્રીક મોટર સાથે, સ્ટેરકેઈસ, બોરીંગ, વોટર કનેકશન, ઈલેકટ્રીક કનેકશન, ઓવર હેડ ટેંક, ગટર કનેકશન, પ્લમ્બરીંગ ફીટીંગ, સમગ્ર ઈમારતના પાયા, પ્લીન્થ,

બીમ, કોલમ, સપોર્ટીંગ વોલ, કોમન પેસેજ, આઉટર વોલ, ટોપ ફલોર ઉપર અગાસી.

સદરહુ **''ત્રિનેત્ર''** ના નામથી ઓળખાતા રહેણાંકના હેતુસરના લો–રાઈઝ બીલ્ડીંગના દરેક ફલેટ ઓનર્સએ, ઓનર્સ એસોસીએશનની થનાર માલીકીની ભોગવવાપાત્ર સહીયારા ક્ષેત્રો અને સહીયારી સુવિધાઓ નીચે મુજબ છે અને રહેશે આ ખતમાં ઉપરોકત વર્ણવેલ મીલ્કત તથા કોમન પેસેજ તથા મંજુર થયેલ પ્લાન મુજબ પાર્કીંગની સુવિધાઓ તથા ઉપરોકત આ બીલ્ડીંગની સહીયારી સુવિધાઓ છે જે કાયમ માટે અવિભાજય રહેશે અને તેની જાળવણી કરવા માટેનો મેઈન્ટેનન્સ ખર્ચ એસોસીએશન દ્વારા વસુલ કરવામાં આવશે. કોમન એરીયાનો વણવહેંચાયેલો સદરહુ ફલેટનો હિસ્સો..........કારપેટ ચો.મી. છે.

એનેક્ષર ''૧''
રેરા હેઠળ નોંધણી પ્રમાણપત્ર
એનેક્ષર ''૨''
ફલેટ સંબંધિત નિર્દિષ્ટ બાબતો
તથા સગવડતાની વિગત
(Specification & amenities)

ફલેટનો તમામ પ્રકારનો માલ સામાન પ્રમાણભુત ગુણવત્તા (Standard) પ્રમાણેનો ઉપયોગ થશે. જેમાં

(૧) ફલોર માટે સીરેમીક ટાઈલ્સ

(૨) બાથરૂમ માટે ગ્લેઝડ ટાઈલ્સ

(૩) સેનેટરી વેરના ફીટીંગ

(૪) તથા લીફટ તેમજ તમામ પ્રકારના ડોમેસ્ટીક વાયરીંગનો સમાવેશ થાય છે.

આ વેચાણ દસ્તાવેજ અમે અમારી રાજીખુશીથી, વાંચી, સમજી, વિચારીને, સ્વેચ્છાએ, ઉપર મુજબના સંપુર્ણ અવેજની રકમ સ્વીકારી લખી

આપેલ છે અને તેમાં અમે અમારી સહી કરી આપી શાખો કરાવી આપેલ છે જે અમોને તથા અમારા વંશ, વારસો, વાલી સહીત બધાને કબુલ મંજુર સહી છે.

રાજકોટ,

તારીખ :-

અત્ર::::::::::::::::::::::::::::::::::::::મતુ

૧...

શ્રી હરેશકુમાર મગનલાલ મુલીયા
તે જાતે તથા દિશીતા હરેશ મુલીયા
ના કુલમુખત્યાર દરજ્જે.
(જમીન માલીક દરજ્જે)

૨...

શ્રી કમલેશભાઈ મનહરલાલ રાજા
તે ત્રિનેત્ર બીલ્ડરના નામથી ચાલતી
ભાગીદારી પેઢીના મુખ્ય વહીવટકર્તા
ભાગીદાર દરજ્જે
(ડેવલપર્સ દરજ્જે)

અત્ર:::::::::::::::::::::::::::::::શાખ

૧....................................

૨....................................